## “રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ(FMD & Brucellosis) કાર્યક્રમનું” કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે જીવંત પ્રસારણ કરવામાં આવ્યું

તા. ૧૧.૦૯.૨૦૧૯ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ અને પશુપાલન શાખા, જિલ્લા પંચાયત અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે “રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ(FMD & Brucellosis) અને દેશ વ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમનું માનનીય વડા પ્રધાનશ્રી, નરેન્દ્રભાઈ મોદીના વર્દ્દ હસ્તે મથુરા મુકામેથી કરવામાં આવ્યું જેના જીવંત પ્રસારણનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ડો. સુકેતુ ઉપાધ્યાય (નાયબ પશુપાલન નિયામકશ્રી), ડો. એન. યુ. પટેલ (મદદનીશ પશુપાલન નિયામકશ્રી), ડો. જે. કે. પટેલ (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવીકે-અરણેજ), શ્રી એચ. બી. પટેલ (કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ), ડો. યુ. વી. મનસુરી (પશુચિકિત્સક બાવળા), ડો. એસ. આર. પટેલ (પશુચિકિત્સક, ઉત્તમ ડેરી અમદાવાદ) ડો. પી. ડી. લકુમ (પશુચિકિત્સક-ધોળકા) ડો.જે.એચ.પટેલ (વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન), કે.વી.કે, અરણેજ) તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પશુપાલન ખાતાના કર્મચારીશ્રીઓએ હાજરી આપી હતી .

આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાના જુદા જુદા ગામોથી અંદાજિત કુલ ૧૫૦ જેટલા પશુપાલક ભાઈઓ અને ૪૯ જેટલી પશુપાલક બહેનોએ હાજરી આપેલ . કાર્યક્રમમાં ડો. સુકેતુ ઉપાધ્યાય દ્વારા “પશુ રોગ નિયંત્રણ અને તેનું મહત્વ”, ડો. એન. યુ. પટેલ દ્વારા “પશુઓમાં થતા વિવિધ રોગો અને નિવારણ અને ડો. જે. એચ. પટેલ દ્વારા “પશુમાં કુત્રિમ બીજદાનનું મહત્વ” વિષે વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. વધુમાં આ કાર્યક્રમ અંતર્ગત અરણેજ ગામ ખાતે પશુપાલન ખાતા અને કે.વી.કે દ્વારા અંદાજીત કુલ ૬૯૮ જેટલા પશુઓને ખરવા મોવાસા અને બ્રુસેલોસિસના રોગ માટે રસીકરણ તેમજ કૃત્રિમ બીજદાનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અંતમાં ઈજ.ડી.જે.રંગપરાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમનુ સફળ સંચાલન ડો જે. એચ. પટેલ, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) દ્વારા કરવામાં આવ્યું હતું.





